# આર એન પટેલ સ્કૂલમાં કૃમિ મુક્ત દિન ઉજવાયો



શ્રીમતી આર. એન. પટેલ શાળામાં કૃમિ મુક્ત દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને તેના ભાગરૂપે વિદ્યાર્થીઓને કૃમિ અંગે વિગતે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીને આરોગ્ય વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવેલી કૃમિનાશક ગોળીઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે રવિવારે યુથ હૉસ્ટેલમાં દિનેશ દેસાઈનો વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે જાણીતા સર્જક, કવિ, લેખક, પત્રકાર દિનેશ દેસાઈ તેમની સર્જન પ્રક્રિયાની વાત કરશે અને રચનાઓની પ્રસ્તુતિ કરશે.

આ કાર્યક્રમ તા. ૧૧મી ઑગષ્ટ ને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે યુથ હૉસ્ટેલ, સૅક્ટર-૧૬, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. સાહિત્ય સભાના સભ્યો ઉપરાંત સૌ સાહિત્યરસિકોને આ કાર્યક્રમનો લાભ લેવા માટે પ્રમુખ નટવર હેડાઉ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જીઆઈપીએસમાં વિદ્યાર્થીઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન અપાયું



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ગુજરાત રાજ્ય આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના સભ્યોએ આરોગ્યની સાચવણી કેવી રીતે કરવી તે બાબતે ધોરણ-૮, ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. ચોમાસાના લીધે રોગચાળો ફાટી ન નીકળે તે બાબતે તંત્ર દ્વારા લેવામાં આવતાં વિવિધ પગલાં ઉપરાંત ડેગ્યુ તથા મેલેરીયાના મચ્છરો ક્યાં ઉદભવે છે અને આ મચ્છરો ન થાય તે માટે શું કરવું તે બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો પણ પાઠવાયા હતા.

## જન્મદિને વધામણી



ભરત દેસાઈ
મો. ૯૯૦૯૭ ૭૮૫૫૮



રસિકભાઈ ગાંધી
મો. ૯૧૭૯૪ ૯૨૨૦૧




દિનાબેન ભટ્ટ
લાયોનેસ ક્લબ



દિશાબેન જણસારી
લાયોનેસ ક્લબ



બિપીનભાઈ કે ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



બિપીનભાઈ કે ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨

# આર સી પટેલ સ્કૂલમાં મહિલા સશક્તિકરણ દિવસ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે મહિલા સશક્તિકરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓ માટે શાળામાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, નાટક, એકપાત્રિય અભિયન સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

કૉમર્સ વિભાગના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું આયોજન કૉમર્સ વિભાગનાં સુપરવાઈઝર કેતકીબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ ઉપયોગી ઉજવણી બદલ આચાર્ય વિનોદભાઈએ શાળા પરિવારને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# આર જી પટેલ સ્કૂલમાં મહિલા સશક્તિકરણ દિવસ





ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળામાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, સ્વનિર્મિત રાખડી સ્પર્ધા, પ્રતિજ્ઞાવાચન, માતૃ સંમેલન, તરૂણ શિબિર, કાનૂની શિબિર જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

દરરોજ પ્રાર્થનાસભામાં વિવિધ નારી રત્નોનો પરિચય બેટી બચાવો અંગેની વિવિધ ઍપ્સ, કાયદા વગેરેની માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આચાર્ય ગિતેષભાઈ પટેલે આ ઉપયોગી ઉજવણી બદલ સ્ટાફ, વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# સરસ્વતી સ્કૂલમાં યોજાઈ વિદ્યાર્થી-પ્રતિનિધિ ચૂંટણી




ગાંધીનગર, તા. ૯

સારસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે માધ્યમિક વિભાગના વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી યોજવામાં આવી હતી.

લોકશાહી ઢબે યોજાયેલી આ ચૂંટણીમાં ધોરણ-૯ના પ્રતિનિધિ તરીકે અનશ પટેલ, ધોરણ-૧૦માં અક્ષય દેસાી, ધોરણ-૧૧માં હેતલ ગોસ્વામી અને ધોરણ-૧૨ના પ્રતિનિધિ તરીકે મહેશ દેસાઈ વિજેતા બન્યા હતા. જીઍસ તરીકે મયુરધ્વજસિંહ અને ઍલઆર તરીકે મયુરી રાવલ વિજેતા બન્યા હતા.

ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન શાળાનાં શિક્ષક દિપીકાબેન શર્મા અને ચેતનાબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય ગોપાલસિંહ સોલંકીએ લોકશાહી શાસન પદ્ધતિમાં ચૂંટણીનું મહત્ત્વ સમજાવીને વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા હતા.

# ઈવેન્ટ મેનેજર બનવા માટે શું કરવું જોઈએ ?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે સુરત, અમદાવાદ, અને બનાસકાંઠાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું હાલ ટી.વાય બી.એસ.સી માં અભ્યાસ કરું છું અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરું છું.પણ મારી મુશ્કેલી એ છે કે હું જ્યારે પી.એસ.આઈ સિવાય અન્ય કોઈ પરીક્ષાની તૈયારી કરું ત્યારે મને પી.એસ.આઈ ના અભ્યાસક્રમ અને એની તૈયારી વિષે જ ખયાલ આવે છે જેથી અન્ય પરીક્ષા અને વર્ગ માં ધ્યાન નથી આપી શકાતું. શું કરવું ?**

**- સચિન પટેલ, મેઘરજ**

તમારી મૂંઝવણ અમે સમજી શકીએ છીએ. આપના પ્રશ્ન પર થી એ ફલિત થાય છે કે આપ કોઈ પણ ભોગે પી.એસ.આઈ બનવા માંગો છો મતલબ કે આપને પી.એસ.આઈ બનવાની તીવ્ર ઈચ્છા છે.જેમાં કઈ ખોટું નથી.અને આપ જોડે જોડે અન્ય પરીક્ષા ની પણ તૈયારી કરો છો અને એ પરીક્ષા આપી રહ્યા છો મતલબ કે આપ અન્ય સરકારી જોબ માં પણ રસ ધરાવો છો.તો આપનું હાલ નું લક્ષ્ય એ હોવું જોઈએ કે નજીક ના ભવિષ્ય માં આવનાર પરીક્ષા અને તેના અભ્યાસક્રમ ઉપર પૂરતું ધ્યાન



આપી ને એ પરીક્ષા ઉત્તીર્ણ કરવાનો પ્રયત્ન કરો.જો આપ એ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ જાઓ છો તો આપ એના પછી પણ આપની પી.એસ.આઈ ની પરીક્ષા ની તૈયારી ચાલુ રાખી શકો છો.અને ત્યાર બાદ આપ ફક્ત એને જ ટારગેટ બનાવી ઉત્તીર્ણ કરવાનો પ્રયત્ન કરી પી.એસ.આઈ બની શકો છો.હાલ વધારે પડતું વિચારી ને આપ બંને પરીક્ષા ઉપર નકારાત્મક પ્રભાવ પાડી રહ્યા છો.જે આપના ભવિષ્ય માટે જ નુકસાન કારક છે.તો આપ હાલ પૂરતું ફક્ત નજીક ના ભવિષ્ય નું વિચારી આપનો પ્લાન બનાવો અને એના ઉપર મેહનત ચાલુ કરો.આપણે ચોક્કસ સફળતા પ્રાપ્ત થશે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું બી.કોમ માં અભ્યાસ કરું છું. ઇવેન્ટ મેનેજર બનવા માટે શું કરવું જોઈએ ?**

**- રાગિણી સહા, ગાંધીનગર**

રાગિણી,એક સર્ટિફાઇડ ઈવેન્ટ પ્લાનર્સ ઈવેન્ટના તમામ પાસાંઓના સંકલન અને સંચાલનનું કામ સંભાળે છે. તે માટે કોઈ ફિક્સ અથવા માત્ર એક કોર્સ નથી કરવાનો હોતો. તે માટે વિદ્યાર્થીઓ અલગ-અલગ શૈક્ષણિક બેકગ્રાઉન્ડમાંથી આવે છે, પરંતુ તે સામાન્ય રીતે બેચલર ડિગ્રી ધારકો હોય છે. ઘણા પ્લાનર્સ કોઈક નાના કામથી શરૂ કરતાં હોય છે. જેમ કે કેટરિંગ કોઓર્ડિનેટર પોઝિશન,પાર્ટી આયોજક વગેરે. યોગ્ય શિક્ષણ અને અનુભવ સાથે, આયોજનકારો મોટા કાર્યક્રમો, જેમ કે સંમેલનો અને કોર્પોરેટ મીટિંગ્સનું આયોજન કરી શકો છો.પ્રમાણિત ઈવેન્ટ પ્લાનર બનવા માટે, તમારે હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, માર્કેટિંગ, જાહેર સંબંધો, સંચાર અથવા વ્યવસાયમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરવી જોઈએ. ડિગ્રી વગર તમને ક્ષેત્રમાં ૧-૨ વર્ષનો અનુભવની જરૂર પડશે. તમારે સંચાર, ગ્રાહક સેવા, આંતરવ્યક્તિગત વાટાઘાટ અને સમસ્યા હલ કરવાની કુશળતાની પણ જરૂર પડશે. તમે ઑનલાઈન સોશિયલ મીડિયા, પ્રોજેક્ટ મેનેજમેન્ટ સૉફ્ટવેરનું જ્ઞાન સાથેની મૂળભૂત કમ્પ્યુટર કુશળતા અને આધુનિક કૌશલ્ય ધરાવતા હોવ એ જરૂરી છે. ઈવેન્ટ પ્લાનર્સ લગ્ન જેવી ખાનગી અને જાહેર ઈવેન્ટ્સ ગોઠવે છે. કન્વેન્શન સર્વિસ મેનેજર્સ બધી વિગતો સંચાલિત થાય તેની ખાતરી કરવા માટે હોટલ જેવી કંપનીઓ અને સ્થળો વચ્ચેના જોડાણ તરીકેકાર્ય કરે છે. આ ક્ષેત્રમાં સૌથી જરૂરી છે આપનું માર્કેટ માં અન્ય લોકો અથવા કસ્ટમર્સ સાથે નેટર્વકિંગ એટ્લે કે સંબંધો સારા



હોવા જરૂરી છે.એ આપને જરૂર મદદરૂપ થઈ શકશે.અને બીજી વસ્તુ છે ટાઈમ મેનેજમેન્ટ.આપે આપના કામ માં સમય સૂચકતા બહુ મોટો ભાગ ભજવે છે.આમ આપ જો આ ક્ષેત્ર માં જવા માંગો છો તો ઉપરોક્ત બાબતોનું ધ્યાન રાખી જરૂરી મેહનત કરી ને સફળતા પ્રાપ્ત કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.એસ.સી.માં અભ્યાસ કરુ છુ. એમ.એસ.સી. વિષે માહિતી અપશો અને એ બાદ કારકિર્દી માટે કયા વિકલ્પ ઉપ્લબ્ધ છે?**

**- મહેશ પટેલ, દહેગામ**

મહેશ, એમ.એસ.સી એટ્લે કે માસ્ટર ઈન સાયન્સ આપ બી.એસ.સી પૂર્ણ કર્યા બાદ કરી શકો છો જે બે વર્ષ નો કોર્સ હોય છે.હવે આપ આપનુ એમ.એસ.સી. આપના કોઈ પણ એક મનપસંદ અને આપની રુચિ મૂજબ સાયન્સના વિષયનું ચયન કરી તેમાં નિષ્ણાત બની શકો છો. વિષયો જેમ કે કેમીસ્ટ્રી, ફિઝિક્સ , મેથેમેટિક્સ ,માઈક્રો બયોલોજી વિગેરેમાં આપ તેમાં વિશેષજ્ઞતા મેળવી શકો છો. ઉપર જણાવેલ વિકલ્પોમાંથી એ વિષયમાં વિશેષજ્ઞતા મેળવવી ક જેમાં આપને પોતાનું કરિયર બનાવવામાં રસ હોય. એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ મોટાભાગના વિકલ્પોને બે ભાગમાં વિભાજિત કરી શકાય. એ) આગળ ભણવાનું બી) નોકરી (જોબ). હવે એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ આપના માટે એકાધિક વિકલ્પ ઉપ્લબ્ધ છે જે આપ પસંદ કરી શકો છો. આગળ ભણવું હોય તો આપ તે ભારતમાં ભણી શકો છો અથવા તો વિદેશમાં પોતાનું ભણતર આગળ કરી શકો છો. સૌપ્રથમ વિકલ્પ છે પી.એચ.ડી. જો આપ આપના અભ્યાસને આગળ વધારવા માંગો છો તો આપ આ વિકલ્પ પસંદ કરી શકો છો. પી.એચ.ડી. થયા બાદ આપ



રિસર્ચ (સંશોધન) અથવા તો શિક્ષણ જગત માં આગળ વધી શકો છો. આપ આગળ એમ.ફિલ. પણ કરી શકો છો. એમ.ફિલ. એ મોટાભાગે સંશોધન એટ્લે કે રિસર્ચ પર આધારિત હોય છે. અન્ય એક વિકલ્પ છે આપ કોઈ કંપનીમાં જોબ મેળવી શકો છો. એટ્લેકે આપ એમ.એસ.સી. બાદ પ્રાઈવેટ કક્ષાની જોબ મેળવી શકો છો. એમ.એસ.સી. કર્યા બાદ ખૂબ સારી તકો મળતી હોય છે. અન્ય એક વિકલ્પ મુજબ આપ કોઈ રિસર્ચ ઈન્સ્ટિયુટમાં સાયન્ટીફિક આસિસ્ટ્ન્ટ તરીકે જોબ મેળવી શકો છો.અન્ય એક આ બધા થી અલગ પડ્તો અને પ્રચલિત વિકલ્પ છે ગવરમેન્ટ જોબ.આપ એમ.એસ.સી બાદ ગ્રેજ્યુએટ સ્તરની કોઈ પણ ગવરમેંટ (સરકારી) જોબ માટે અરજી કરી શકો છો. સરકારી નોકરીમાં પણ અલગ-અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની વાત કરીએ તો બૅંકિંગ, એસ.એસ.સી (સ્ટાફ સિલેક્સન કમિશન) , જી.પી.એસ.સી , યુ.પી.એસ.સી વગેરે પરીક્ષા હોય છે જે આપ પોતાની પસંદગી અને લાયકાત મુજબ આપી શકો છો. જણાવેલ વિકલ્પો ઉપરાંત અન્ય વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આપ યોગ્ય મહેનત કરીને એક ઉત્કુષ્ઠ કારદિર્દી બનાવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercroner@gmail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner

# હૃદયમંથન

॥ બીજો મણકો ॥

અમલદારે ઓળખાણનો સ્વીકાર કર્યો, પણ એ ઓળખાણની સાથે જ તે વધારે અક્કડ થયા. 'એ ઓળખાણનો લાભ લેવા તો તું નથી આવ્યો ના?' એમ મેં તેની અક્કડાઈમાં જોયું, તેની આંખમાં વાંચ્યું. સમજતાં છતાં મેં મારું પ્રકરણ ઉખેળ્યું. સાહેબ અધીરા થયા. 'તારા ભાઈ ખટપટી છે. તારી પાસેથી વધારે વાત સાંભળવા હું નથી માગતો. મને વખત નથી. તારા ભાઈને જો કંઈ કહેવું હોય તો તે રીતસર અરજી કરે.' આ ઉત્તર બસ હતો, યથાર્થ હતો; પણ ગરજને જ્ઞાન ક્યાંથી હોય? હું તો મારું પ્રકરણ ચલાવી રહ્યો હતો. સાહેબ ઊઠ્યા. 'હવે તમારે જવું જોઈએ.'

મેં કહ્યું, 'પણ મારી વાત તો પૂરી સાંભળો.'

સાહેબ ખૂબ ખિજાયા. 'પટાવાળા, ઈસકો દરવાજા બતાઓ.'




'હજૂર' કહી પટાવાળો દોડી આવ્યો. હું તો હજુ કંઈક બકી રહ્યો હતો. પટાવાળાએ મને હાથ લગાડ્યો ને મને દરવાજાની બહાર કાઢ્યો.

સાહેબ ગયા, પટાવાળો ગયો. હું ચાલ્યો, અકળાયો, ખિજાયો. મેં તો ચિઠ્ઠી ઘસડી : 'તમે મારું અપમાન કર્યું છે, પટાવાળાની મારફતે મારી ઉપર હુમલો કર્યો છે. તમે માફી નહીં માગો તો તમારા ઉપર રીતસર ફરિયાદ કરીશ.' આ ચિઠ્ઠી મેં મોકલી. થોડી જ વારમાં સાહેબનો સવાર જવાબ આપી ગયો :

'તમે મારા તરફ અસભ્યપણે વર્ત્યા. તમને જવાનું કહ્યું છતાં તમે ન ગયા, તેથી મેં જરૂર મારા પટાવાળાને તમને દરવાજો દેખાડવા કહ્યું, ને પટાવાળાના કહેવા છતાં તમે કચેરી ન છોડી. તેણે તમને કચેરી બહાર કાઢવા પૂરતું બળ વાપર્યું. તમારે જે પગલાં લેવાં હોય તે લેવા તમે છૂટા છો.' જવાબની આ મતલબ હતી.

આ જવાબ ખિસ્સામાં મેલી ભોંઠો પડી ઘેર આવ્યો. ભાઈને વાત કહી. તે દુઃખી થયા. પણ તે મને શું સાંત્વન આપે? વકીલ મિત્રોને વાત કરી. મને કેસ માંડતાં થોડો જ આવડતો હતો? આ સમયે સર ફિરોજશા મહેતા પોતાના કોઈક કેસસર રાજકોટમાં હતા. તેમને મારા જેવો નવો બારિસ્ટર તો ક્યાંથી મળી શકે? પણ તેમને રોકનાર વકીલની મારફતે તેમને કાગળિયાં મોકલી તેમની સલાહ પુછાવી. 'ગાંધીને કહો, આવા કિસ્સા તો બધા વકીલબારિસ્ટરના અનુભવમાં આવ્યા હશે. તું નવોસવો છે. તને હજુ વિલાયતની ખુમારી છે. તું બ્રિટિશ સમલદારને ઓળખતો નથી. જો તારે સુખેથી બેસવું હોય ને બે પૈસા કમાવા હોય તો તને મળેલી ચિઠ્ઠી ફાડી નાંખ અને થયેલું અપમાન ગળી જા. કેસ કરવામાં તને દોકડો એક નહીં મળે, ને તું ખુવાર થશે. જિંદગીનો અનુભવ તને હજુ હવે મળવાનો છે.'

મને આ શિખામણ કડવી ઝેર લાગી. પણ તે કડવો ઘૂંટડો ગળે ઉતાર્યે છૂટકો હતો. હું અપમાન ભૂલી તો ન જ શક્યો, પણ મેં તેનો સદુપયોગ કર્યો. 'આવી સ્થિતિમાં ફરી કોઈ દિવસ નહીં મુકાઉં, કોઈની સિફારસ આમ નહીં કરું.' આ નિયમનો કદી ભંગ નથી કર્યો. આ આઘાતે જિંદગીનું સુકાન બદલ્યું.

**'સત્યના પ્રયોગો'માંથી સાભાર**